# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર
# આણંદ કૃષિ યુનિવર્સિટી
# દેવાતજ (સોજીત્રા)

## પ્રેસનોટ

## મીઠા પાણીની માછલીના મુલ્યવર્ધન પર તાલીમ કાર્યક્રમ

આણંદ જીલ્લામાં આવેલ મીઠા પાણીના જળાશયો, નહેરો, કેનાલો ઉપરાંત ગામ તળાવોમાં મત્સ્યોદ્યોગની વિપુલ તકોને ધ્યાને લઇને સ્થાનીક મત્સ્યખેડૂતો ઉપરાંત માછીમારોને પુરક રોજગારી ઉપલબ્ધ બની રહે તે માટે ફીશરીઝને લગતા તમામ વિષયોની કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ વિશ્વવિધ્યાલય, દેવાતજમાં તાલીમ આપવામાં આવે છે. આ હેતુસર તા. ૧૭-૧૮મી ડીસેમ્બર ૨૦૧૪ના રોજ મીઠા પાણીની માછલીની જાળવણી તથા તેના મૂલ્યવર્ધન પર તાલીમ કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો હતો. જેમાં ગામ કાસોર તા. આણંદની ૨૧ બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધેલ હતો.

કાર્યક્રમની શરૂઆતમાં ડો. જી. જી. પટેલ, પ્રોગ્રામ કોઓર્ડિનેટરશ્રી એ સ્વાગત પ્રવચનમાં જણાવ્યુ હતુ કે આણંદ જીલ્લાના ગામ તળાવોમાં માછલીનો ઉછેર એક પુરક વ્યવસાય તરીકે કરવામાં આવે છે. માછલી પ્રોટીનનો એક મહત્વનો સ્ત્રોત છે અને તેમાં માનવ શરીરને ઉપયોગી એમીનો એસીડ, ફેટી એસીડ, વીટામીન્સ અને ખનીજ તત્વો આવેલા હોય છે. તળાવમાંથી પકડયા બાદ મોટાભાગે માછલીને સારી રીતે જાળવી રાખવામાં આવતી ન હોવાથી તે જલ્દી બગડી જાય છે જેથી બજારમાં સારો વેંચાણ ભાવ મળતો નથી. આ ઉપરાંત જો તેમાંથી વિવિધ વાનગીઓ બનાવવામાં આવે તો તેના વેચાણ થકી સારી એવી રોજગારી મેળવી શકાય છે. જેને માછલીનું મૂલ્યવર્ધન કહી શકાય.

આ કાર્યક્રમમાં કેન્દ્રના વિષય નિષ્ણાત(ફિશરીઝ) પ્રો. જૈમિન ભટ્ટે માછલીઓનો પરીચય, તેના આરોગ્યની દ્રષ્ટીએ લાભો, તાજી માછલીની ઓળખ, માછલીની યોગ્ય જાળવણી તથા તેના પ્રોસેસીંગ દરમીયાન લેવાના અગત્યના પગલાંઓ જેવા વિષયો આવરી લઇ વિગતવાર માહિતી આપી હતી તેમજ માછલીના મૂલ્યવર્ધનની પ્રત્યક્ષ તાલીમ આપવામાં આવી હતી. જેમાં મીઠા પાણીની માછલીમાંથી વિવિધ બનાવટો જેવીકે સમોસા, ગાંઠીયા, કટલેસ, અથાણું વગેરે પ્રત્યક્ષ બનાવીને બહેનોને તાલીમ આપવામાં આવી હતી. આ રીતે માછલીનું મૂલ્યવર્ધન કરી જાતે ધંધો કરી રોજગારી મેળવી તેમાંથી વધારે આવક મેળવી શકાય તે અંગે સમજ આપવામાં આવી હતી.




વિજ્ઞાન કેન્દ્ર




AAU
કૃષિ વિજ્ઞાન કેન્દ્ર



